નવસારીમાં વરસાદી સમસ્યાઓ યથાવત

તળાવ વિકાસ, આઇકોનિક રોડ અને ડ્રેનેજ પ્રોજેક્ટ પાછળ કરોડો ખર્ચાયા છતાં દર ચોમાસે પાણી ભરાવાની સમસ્યા યથાવત્

નવસારીઃ નવસારી શહેરમાં છેલ્લાં કેટલાક વર્ષોથી વિકાસના મોટા દાવાઓ સાથે વિવિધ પ્રોજેક્ટો જાહેર કરવામાં આવ્યા છે. તળાવોના બ્યૂટિફિકેશનથી લઈને આઈકોનિક રોડ, ડ્રેનેજ નેટવર્ક અને પાણી સંગ્રહ યોજનાઓ સુધી કરોડો રૂપિયાનાં કામો માટે ફાળવણી અને ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. તેમ છતાં દર ચોમાસે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા યથાવત રહેતા હવે નાગરિકોમાં ગંભીર સવાલો ઊભા થવા લાગ્યા છે.

ઉપલબ્ધ વિગતો મુજબ મફતલાલ તળાવના પાણી સ્ટોરેજ વિકાસ માટે રૂ. 3.80 કરોડથી વધુનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. સરબતિયા તળાવ વિકાસ યોજના માટે અંદાજે રૂ. 5 કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. ઉપરાંત ટાટા સ્કૂલથી વિરાવળ સુધીના આઇકોનિક રોડ માટે રૂ. 9 કરોડથી વધુ અને કાલિયાવાડીથી ગ્રીડ સુધીના આઇકોનિક રોડ માટે અંદાજે રૂ. 10 કરોડથી વધુના વિકાસ કામોની જાહેરાત કરવામાં આવી હતી. દાંડી હેરિટેજ હાઇવે વિકાસ, એરુ તળાવ વિકાસ, હાંસાપોર તળાવ વિકાસ તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પાણી અને ડ્રેનેજ સુવિધા માટે પણ મોટા પાયે ખર્ચ થવાના દાવાઓ થયા છે.

પરંતુ આ તમામ પ્રોજેક્ટો વચ્ચે શહેરના અનેક વિસ્તારોમાં આજે પણ વરસાદી પાણી ભરાવાની સમસ્યા, ગટર ઉભરાવાની પરિસ્થિતિ અને ટ્રાફિક અવરોધ જેવા પ્રશ્નો સતત સામે આવી રહ્યા છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો માટે દર ચોમાસું ચિંતા અને મુશ્કેલીઓ લઈને આવે છે. વરસાદ શરૂ થતાં જ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવું, રસ્તાઓ પર કાદવ અને ગંદકી ફેલાવા જેવી પરિસ્થિતિઓ સામાન્ય બની ગઈ છે.

સ્થાનિકોમાં હવે એવો સવાલ ઉઠી રહ્યો છે કે જો કરોડો રૂપિયાના વિકાસ કામો થયા હોવા છતાં શહેરને વરસાદી સમસ્યાઓમાંથી કાયમી રાહત ન મળે તો આ પ્રોજેક્ટોની વાસ્તવિક અસર શું છે? કેટલાક લોકોના મતે વિકાસના આંકડા અને જમીન પરની પરિસ્થિતિ વચ્ચે હજુ પણ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. વેપારીઓ, વાહનચાલકો અને સામાન્ય નાગરિકો દર વર્ષે વરસાદી સિઝનમાં હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ચોમાસું નજીક આવતા હવે ફરી એકવાર નાગરિકોની નજર મહાનગરપાલિકાની કામગીરી પર ટકેલી છે. લોકો માત્ર વિકાસના દાવાઓ નહીં પરંતુ અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા, પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ અને સુરક્ષિત શહેરની અપેક્ષા રાખી રહ્યા છે.

ચીખલી તાલુકામાં બે વીજપોલ ધરાશાયી

રાબેતા મુજબ વરસાદના આગમન સાથે જ વીજળી ગુલ, અંધારપટ છવાયો

ચીખલઃ ચીખલી તાલુકામાં મળસ્કે ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા માર્ગો પરથી પાણી વહેતા થઈ ગયા હતા. તેજ ગતિના પવનના સૂસવાટા સાથે તોફાની વરસાદમાં ઘેજ ગામે ચાર જેટલા મકાનોનાં પતરાં ફંગોળાયાં હતાં, બે વીજપોલ ધરાશયી થયા હતા . તાલુકામાં ૧.૦૮ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. રાત્રિના સમયે પડેલા વરસાદને પગલે પશુઓનો ઘાસચારો પલળી જતા ખેડૂતોને આર્થિક નુકસાન થવા પામ્યું છે.

ચીખલી તાલુકામાં સતત બીજા દિવસે વરસાદ ખાબક્યો હતો ગતરાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં અચાનક હવામાનનો મિજાજ બદલાતા વીજળીના કડાકા ભડાકા અને તેજ પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. સતત વરસાદથી માર્ગો પરથી પાણી વહેતા થઈ ગયા હતા. વરસાદ સાથે જ વીજળી ડૂલ થતા અંધારપટ છવાઈ જવા પામ્યો હતો. ખેડૂતો દ્વારા પશુઓ માટે ખેતરો, ઘર આંગણે રાખવામાં આવેલો ઘાસચારો પલળી જતા આર્થિક નુકસાન થવા પામ્યું હતું. મળસ્કે અચાનક આવેલા આ વરસાદને કારણે પશુઓનો મુખ્ય ખોરાક ઘાસચારો પલળી જતાં હવે સડી જવાની અને બગડી જવાની સ્થિતિ ઊભી થવા પામી છે. તાલુકાના ઘેજ ગામે પવન સાથેના વરસાદ દરમિયાન ઝાડી ફળિયામાં રાજુભાઈ તથા ઠાકોરભાઈ ઉપરાંત નાના ડુંભરીયામાં બાબુભાઈ ગોવાનભાઈ અને ગોડાવન ફળિયામાં મનોજ શામજીભાઈના ઘરની છતનાં પતરાં ફંગોળાઈને તૂટી જતા નુકસાન થવા સાથે મુશ્કેલી સર્જાઈ હતી. ઘેજ ગામના વાઝરી ફળિયા અને નાના ડુંભરિયામાં ખેતીવાડી લાઈનના બે વીજપોલ પણ ધરાશયી થયા હતા. સરપંચ રાકેશભાઈ દ્વારા મુલાકાત લઈ નુકસાની અંગેની જાણ ઉપલી કચેરીએ કરી હતી. તાલુકામાં રાત્રિ દરમિયાન સોલધરા ગામે ખેરગામ રોડ સહિત કેટલીક જગ્યાએ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે રોડ પર પાણી ભરાયા હતા.

રાસાયણિક ખાતરના ઓનલાઈન વેચાણમાં ખામીથી ખેડૂતો ગૂંચવાયા

ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યાના બીજા દિવસે ખાતર મળી જશે પણ તજજ્ઞો કહેશે તેટલું મળશે

ઘેજઃ ભારત સરકારના રસાયણ અને ફર્ટિલાઇઝર મંત્રાલય દ્વારા રાસાયણિક ખાતરના ઓનલાઈન વેચાણ માટેના પાયલોટ પ્રોજેક્ટમાં નવસારી જિલ્લાનો સમાવેશ કરાતા હવે સબસીડીવાળા રાસાયણિક ખાતર મેળવવા ખેડૂતોએ FSAS એપ ડાઉનલોડ કરી ૨૪-કલાક પહેલાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

ભારત સરકારના રસાયણ અને ફર્ટિલાઇઝર મંત્રાલય દ્વારા સબસીડીયુક્ત રાસાયણિક ખાતરના વેચાણ માટે પાયલોટ પ્રોજેકટ મૂકવામાં આવ્યો છે. જેમાં રાજ્યમાંથી નવસારી અને સાબરકાંઠા બે જિલ્લાનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે સમાવેશ કરાયો છે. જેમાં ચીખલી તાલુકા સહિત જિલ્લાના નોંધાયેલા ખેડૂતોએ (ફાર્મર રજિસ્ટ્રેશન કરાવનાર) તેમના સ્માર્ટ મોબાઈલ ફોનમાં FSAS (ફોમ વર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ) નામની એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ આધારનો ઉપયોગ કરીને નોંધણી કરવાની રહેશે ત્યારબાદ જમીન અને પાક પસંદ કરી ખાતરનો જથ્થો દાખલ કરવાનો રહેશે. બાદમાં સ્ટોક દર્શાવતી યાદીમાંથી ખાતરની દુકાન અને મંડળી પસંદ કરતાં ક્યુઆર કોડ, ટોકન નંબર મળશે તે લઈને પસંદ કરેલ દુકાન કે મંડળી પર ખાતર લેવા માટે જવાનું રહેશે. નોંધણીના બીજા દિવસે ખાતર ખરીદી શકાશે.

ઉપરોક્ત એપ્લિકેશનમાં ખેડૂત દ્વારા પાકની પસંદગી કરતા કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો જે તે પાક માટે નિયત કરાયેલ જથ્થો જ ખેડૂતને મળશે આમ તજજ્ઞો દ્વારા સબંધિત પાક માટે નિર્ધારિત કરાયેલ જથ્થો જ મળશે.

એપ્લિકેશનમાં અનેક ત્રૂટીઓ

રાસાયણિક ખાતર ખરીદીની એપ્લિકેશનમાં અનેક ત્રુટીઓ હોવાનું બહાર આવ્યું છે. આ એપ્લિકેશન સાદા ફોન,આઈઓએસ ફોન (IOS) અને જૂના સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ થતી નથી અને જેના કોઈ વિકલ્પ હાલ ઉપલબ્ધ નથી. જેથી ઓછી ખેતીવાડી અને નાના ખેડૂતોને અનેક સમસ્યાનો સામનો કરવો પડશે. ઓનલાઇન સિસ્ટમમાં ખરેખર બીજો વિકલ્પ પણ આપવો જોઈએ પરંતુ તેમ કરાયું નથી.

શેરડી, શાકભાજી, બાગાયતી પાક આ એપમાં ઉપલબ્ધ જ નથી!

ચીખલી સહિત નવસારી જિલ્લામાં મોટાપાયે શેરડી અને શાકભાજી તથા અન્ય બાગાયતી પાકોનું ઉત્પાદન થાય છે.પ રંતુ આ એપ્લિકેશનમાં આવા પાકો ઉપલબ્ધ જ નથી. અને માત્ર ૧૬-જેટલા જ પાકો બતાવે છે. ત્યારે ખેડૂતોનો પોતાનો પાક જ એપ્લિકેશનમાં ન દર્શાવશે ત્યારે તે ખાતર કેવી રીતે મેળવી શકશે ? તેવા અનેક પ્રશ્નો ઉભા થશે ત્યારે આ બધી સમસ્યાનું નિરાકરણ જરૂરી છે.

એપ્લિકેશનમાં ગુજરાતી માધ્યમ રાખવા રજૂઆત

નાયબ ખેતી નિયામક ચંદ્રકાંતભાઇ પટેલના જણાવ્યાનુસાર સબસીડીયુક્ત રાસાયણિક ખાતર માટે હાલ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની છે. જૂની પધ્ધતિથી વેચાણ કરાઈ રહ્યું છે. નવસારી જિલ્લાની આ પાયલોટ પ્રોજેક્ટમાં પસંદગી થઈ છે. આ એપ્લિકેશનમાં ૧૬-જેટલા જ પાકો દર્શાવે છે. જેમાં શેરડી,શાકભાજી અને બાગાયતી પાકોના સમાવેશ કરવા અને ગુજરાતી માધ્યમ માટે પણ રજૂઆત કરી છે.

બીલીમોરા ગૌરવપથ પરથી ૧૧ લારી જપ્ત, દબાણકર્તાઓમાં ફફડાટ

બીલીમોરાઃ શહેરના ગૌરવપથ પર દુકાનદારો અને લારીવાળાઓએ ફૂટપાથ તેમજ જાહેર રસ્તા પર અડિંગો જમાવી દીધો હતો, જેના કારણે અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા હતા. પાલિકાએ મંગળવારે માત્ર બંધ હાલતની લારીઓ સામે પગલાં લઈ અન્ય દબાણકર્તાઓને પોતાની સામગ્રી જાતે જ હટાવી લેવા આખરી અલ્ટીમેટમ આપ્યું હતું. આ સૂચના બાદ પણ ન હટેલા દબાણો પર મંગળવારે સાંજે પાલિકાની ટીમે ત્રાટકીને ગૌરવપથ વિસ્તારમાંથી ૧૧ જેટલી લારી જપ્ત કરી લીધી હતી. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ દબાણ હટાવવાની ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવશે એમ નગરપાલિકા દ્વારા જણાવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પાલિકા અવારનવાર આવી દબાણ હટાવવાની કામગીરી કરે છે, પરંતુ રાજકારણીઓ પોતાની 'વોટબેંક' સાચવવા માટે થોડા જ દિવસોમાં આ દબાણકર્તાઓને ફરી જ્યાં ને ત્યાં ગોઠવી દે છે.

ખેરગામમાં ભારે પવન સાથેના વરસાદને પગલે 3 ઘરોનાં પતરાં ઉડ્યાં

ખેરગામઃ ખેરગામ તાલુકામાં મંગળવારની વહેલી સવારે તેજ ગતિના પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે ૧૬ મીમી (૦.૬૪ ઇંચ) જેટલો વરસાદ થતાં તાલુકાના વાવ ગામના ઉગમણા ફળિયામાં ત્રણ જેટલા ઘરોના છતના પતરા ઉડી ગયા હતાં. જેમાં સુભાષભાઈ રતિલાલભાઈ પટેલના ૨૯ પતરા, હરીશભાઈ રતિલાલભાઈ પટેલ ૨૧ પતરા અને બ્રિજેશ દિનેશભાઈ પટેલના ઘરના ૧૯ પતરા ઉડી ગયા હતાં. જેના પગલે સામા ચોમાસાએ પરિવારની હાલત કફોડી થવા પામી છે. ઉપરોક્ત બનાવવાની જાણ ગામના સરપંચ બિન્નીબેન સહિતનાને થતા તેમણે રૂબરૂ મુલાકાત લઈ નુકસાનીના જરૂરી પંચકાસ સહિતની કાર્યવાહી કરી તાલુકા મથકે રિપોર્ટ કરવામાં આવ્યો છે. ઝડપથી તેમને નુકસાનની સહાય મળે તેવી કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી સી. કે. જોષી, ઈ./ચા. સંયુક્ત ચેરિટી કમિશ્નરશ્રી,
સુરત વિભાગ, સુરત સમક્ષ,
સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ- બ્લોક, ૪થો માળ,
બહુમાળી ભવન, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧

ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ની કલમ-૫૦ (એ)(૨) અન્વયે,
સ્કીમ એકત્રીકરણ અરજી નંબર ૦૨/૨૦૨૬

ટ્રસ્ટનું નામ અને નોંધણી નંબર-
(૧) શ્રી પારડી બંદર સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, ઈ/૧૩૫૨/વલસાડ.
ટ્રસ્ટનું સરનામુ - મુ.પારડી સ્ટેશન, જી.વલસાડ-૩૯૬૧૨૫
(૨) શ્રી હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ઈ/૨૫૦૧/વલસાડ
ટ્રસ્ટનું સરનામું - કિલ્લા પારડી, તા.પારડી, જી.વલસાડ
અરજદાર -(૧) ડૉ. પ્રફુલચંદ્ર યશવંતરાય મહેતા
રહે. મહેતા હોસ્પીટલ, નેશનલ હાઈવે નં.૪૮, સરકારી પ્રાથમિક શાળા પાસે, કિલ્લા પારડી, તા.પારડી, જિ.વલસાડ-૩૯૬૧૨૫
(૨) શ્રી કિશોર ધનસુખલાલ પંડ્યા
રહે. ૪૪૯૩, સરસ્વતી સદન, શ્રીનાથ સોસાયટી, પોણીયા રોડ, મોહન દયાળ હોસ્પીટલની સામે, કિલ્લા પારડી, તા.પારડી, જિ.વલસાડ-૩૯૬૧૨૫
(૩) શ્રી વિનય પ્રભુભાઈ દેસાઈ
રહે. ૩/૧૬૪, ગૌતમી દેવઆશિષ ફાર્મ, વાડી ફળીયા, જી.ઈ.બી. સબ સ્ટેશન પાછળ, ચણવઈ, અતુલ.

વિરૂદ્ધ

સામાવાળા -કોઈ નથી.

જાહેર નોટીસ

ઉપર જણાવેલ અરજદારોએ સુરત વિભાગના સંયુક્ત ચેરીટી કમિશનરશ્રી સમક્ષ ધી ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ કલમ-૫૦ (એ) (૨) અન્વયે અરજી રજૂ કરી ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા, વહીવટ તેમજ સરળ સંચાલન માટે યોજના (સ્કીમ) ઘડી આપવા દાદ માંગેલ છે. આથી સદરહુ ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને ખબર આપવામાં આવે છે કે,
૧) સદરહુ ટ્રસ્ટની સ્કીમ ઘડવી કે કેમ ? ૨) સ્કીમ ઘડવી તો કેવી ઘડવી ?
તે બાબતે જે કોઈ હિતાધિકારીને વાંધો હોય, કે સૂચનો હોય તો તે બાબતે પોતાની લેખિત રજુઆત આધાર પુરાવા, સોગંદનામા સાથે સદર નોટિસ પ્રસિદ્ધ થયા થી તારીખ - ૦૩/૦૭/૨૦૨૬ સુધીમાં ઉપર જણાવેલ સરનામે, આ કચેરીમાં જાતે અથવા તો વકીલ મારફતે અથવા ટપાલ મારફતે વાંધા/સૂચનો રજૂ કરવાના રહેશે અને તેવા હિતાધિકારીઓ / વાંધાદારો એ તેઓની રજૂઆતની એક નકલ અરજદારને પણ રજી.પો.એ.ડી.થી મોકલવાની રહેશે. સદર કામની હવે પછીની સુનાવણી તારીખ ૧૦/૦૭/૨૦૨૬ ના રોજ બપોર ના ૧૨-૩૦ કલાકે, અત્રેની કચેરીમાં ઉપરોકત સરનામે રાખવામાં આવેલ છે. તો સદરહુ તારીખે અને સમયે વાંધા, સુચનો રજુ કરનારએ જાતે કે અધિકૃત પ્રતિનિધી મારફત રૂબરૂમાં હાજર રહી સુનાવણી કરવાની રહેશે. જો તે મુજબ કરવામાં કસુર થશે તો, આ અરજી પરત્વે સંસ્થાના હિતમાં જરૂરી અને યોગ્ય લાગે તેવો કાયદાકીય જોગવાઈઓ હેઠળ હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર : સહી/-
(સી.એલ. ગાંગાણી) - હિસાબનીશ
મુકાબલ કરનાર: સહી/-
(એસ.પી. ચૌધરી) - અધિક્ષક

સહી/- (સી. કે. જોષી)
ઈ/ચા, સંયુક્ત ચેરીટી કમિશ્નર,
સુરત વિભાગ, સુરત.